GUJMIN INDUSTRY ASSOCIATION
2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org
ESTD. 1962

નં. ગુજમીન/ઈ.સી/૨૦૨૪/૫૭

તા. ૧૧.૦૭.૨૦૨૪

પ્રતિ,

કમિશ્નરશ્રી,

ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતું,

બ્લોક નં. ૧૫, ડો. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર

16 JUL 2024

વિષય: પર્યાવર્ણિય (Environment Clearance) પ્રમાણપત્ર ની પ્રક્રિયા ચાલુમાં હોવા છતાં ખાણ અને ખનિજ ખાતા દ્વારા લીઝો માંથી ખનિજનું ઉત્પાદન/નિકાસ બંધ કરવા અંગે.

માનનીય સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકાર માન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ઘટતું કરવા વિનંતી છે.

અમારા એસોસિએશનના જુદા જુદા જિલ્લાઓમાં ચાઇનાકલે, બ્લેકટ્રેપ, quartzite, સાદી રેતી, ડોલોમાઈટ, લાઇમસ્ટોન વિગેરે ખનિજની લીઝો ધરાવતા સદસ્યો દ્વારા કરવામાં આવેલ રજૂઆતોને આધારે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અંને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ઘટતું કરવા વિનંતી છે.

પ્રશ્ન: પર્યાવર્ણિય (Environment Clearance) પ્રમાણપત્ર ની પ્રક્રિયા ચાલુમાં હોવા છતાં ખાણ અને ખનિજ ખાતા દ્વારા લીઝો માંથી ખનિજનું ઉત્પાદન/નિકાસ બંધ કરવા અંગે.

રાજ્યના ઘણા જિલ્લાઓમાં લીઝ ધારકો દ્વારા ઈ.સી. મેળવવાની પ્રક્રિયા ચાલુમાં હતી તે લીઝોમાં ઉત્પાદન/નિકાસ ચાલુ રાખવા દેવામાં આવેલ, આવા લીઝ ધારકો તેમજ ૨૦૧૮ માં



(REGD. NO. : F/15136/AHMEDABAD UNDER MUMBAI TRUST ACT - 1950) • (REG. NO. : GUJ/15299/AHMEDABAD UNDER SOCIETY ACT - 1860)

જિલ્લા કમિટિઓ રદ થયા બાદ મંજૂર કરવામાં આવેલ ઈ.સી. અમાન્ય ઠરેલ તેવા કેસોમાં ઈ.સી. પ્રમાણપત્ર ન હોવાનું ગણી લીઝ ધારકોના એકા એક અથવાતો ટુંકી નોટિસ આપી ચાલુ લીઝોના એ.ટી.આર.લોક કરી લીઝો માંથી ખનિજોનો નિકાસ અટકાવવામાં આવેલ છે જેથી લીઝધારકો અસહ્ય આર્થિક બોજ હેઠળ આવી ગયેલ છે અને આ લીઝો સાથે સંકળાયેલ હજારોની સંખ્યામાં સીધી અને પરોક્ષ રીતે રોજગારી મેળવતા મજૂરો અને અન્ય માણસો બેરોજગાર થઈ ગયેલ છે જેથી અરાજક્તાની સ્થિતિ સર્જાઇ ગયેલ છે.

આ બધા લીઝ ધારકોએ EC સર્ટિફિકેટ મેળવવાના શરૂઆત થી જ પૂર્ણ પ્રયાસ કરેલ છે પણ સરકારશ્રીના વારંવાર બદલાતા નિયમો અને પ્રક્રિયાઓને લીધે લીઝ ધારકને હંમેશા ભોગ બનવું પડ્યું છે. આ બાબતને ટૂંકમાં સમજવા નીચે મુજબનુ ઘટનાક્રમ જાણી લેવું જરૂરી છે.

આ બધા લીઝ ધારકોએ 2014 માં ગૌણ ખનિજોમાં પણ EC સર્ટિફિકેટ ની જરૂરિયાતનો નિયમ આવતા જ EC સર્ટિફિકેટ મેળવવા અરજીઓ કરેલ હતી. નવો કાયદો આવ્યા પછી પણ 6 મહિના સુધી રાજ્યમાં SEIAA અને SEAC ની કમિટી ગઠિત કરવામાં આવેલ નહીં અને અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો હતો. ત્યારે લીઝધારકોએ MOEF&cc, દિલ્હીમાં અરજીઓ કરેલ અને પછી તેને ગાંધીનગરમાં ફરીથી અરજીઓ કરવા જણાવેલ. જેમ તેમ થોડી કાર્યવાહી થયેલ તે પછી ફરી "વાયોલેશન વિન્ડો" માં નવેસરથી અરજી કરવા માટે જણાવેલ. આ દરમ્યાન ક્લસ્ટર માં આવતી લીઝોનો એક EIA બનાવી અને એક સાથે અરજી કરવાનો કાયદો આવી જતા ફરી આ કામમાં વિલંબ થયો અને ઘણી બધી પ્રક્રિયાનું પુનરાવર્તન થયુ. જિલ્લા સ્તરે ક્લસ્ટર બનાવવાની કાર્યવાહીમાં સરકારે બે વર્ષ સુધીનો સમય પસાર કરી દીધેલ.

જાન્યુઆરી 2016 માં સરકારે અરજીઓની મોટી સંખ્યા જોતા ગૌણ ખનિજોની 5 હેક્ટર કરતા નાની લીઝો માટે જિલ્લા લેવલની DIEAA અને DEAC ની પ્રત્યેક જિલ્લામાં રચના કરી અને EC આપવાની પ્રક્રિયા જિલ્લા સ્તરથી ચાલુ કરવાના આદેશ કર્યા. ગુજરાતમાં આવી કમિટિઓ બનાવવાની પ્રક્રિયામાં 6 માસનો સમય પસાર થઈ ગયો ત્યાં સુધી એક પણ EC આપવાંમાં આવ્યા નહીં. આવી જો કોઈ અરજીઓ રાજ્ય સ્તરે કરેલ હતી તેને જિલ્લા લેવલ પર ટ્રાન્સફર કરવામાં પણ ઘણો સમયનો બગાડ થયો . વળી થોડુંક કામ ચાલુ થયું કે 2018 માં જિલ્લા સ્તરની આ કમિટીઓ રદ્દ કરી ફરી SEIAA લેવલે ઓથોરિટી ટ્રાન્સફર કરવામાં

આવી, જેથી લીઝ હોલ્ડરોને ફરી સ્ટેટ લેવલે અરજીઓ કરવાની ફરજ પડેલ. આમ MOEF&cc, અને જુદી જુદી સક્ષમ ઓથોરિટીના હુકમોની અમલવારીમાં લીઝ હોલ્ડર અટવાઇ ગયેલ અને સમય પસાર થતો રહેલ.

2016 માં આવેલ નોટિફિકેશન મુજબ માઇનોર મિનરલની લીઝના EC આપવા જિલ્લા કક્ષા ની ખાણ અને ખનિજ ની કચેરી દ્વારા 'સેન્ડ' એન્ડ 'નોન સેન્ડ' ખનિજોના ડિસ્ટ્રિક્ટ સર્વે રિપોર્ટ (DSR) બનાવી એપ્રુવ કરાવી પબ્લિક ડોમેનમાં રાખવા ફરજીયાત કરેલ આવ ખનિજોની EC પ્રક્રિયા તેના પછી જ કરી શકાય. પરંતુ ગુજરાતમાં 2022 સુધી EC આપવામાં આવેલ અને પછી ઓચિંતા નુ DSR વગર ના જિલ્લાઓની લીઝોની EC પ્રક્રિયા રોકી દેવામાં આવેલ જેમા ઓક્સનથી અપાયેલ ગૌણ ખનિજોની LOI ( letter of intent)નો પણ સમાવેશ છે. હાલ ગુજરાતમાં ઘણા જિલ્લાઓ માટે સેન્ડના DSR તૈયાર થઈ ગયેલ છે પણ 'અધર ધેન સેન્ડ' ના DSR માત્ર 6 જિલ્લાઓના જ એપ્રુવ્ડ થયેલ છે. બાકી જિલ્લાઓના ઘણા બધા કેસો DSR ના અભાવે પેન્ડિંગ છે. 8 વર્ષનો સમય પસાર થયા પછી પણ DSR ના હોય અને તેના કારણે EC પ્રક્રિયા રોકાઈ ગઇ હોય તેમાં અરજદારોનો શું વાંક છે કે જે કારણે તેમને ભોગવું પડે.

૨૦૧૮ માં DIEAA અને DEAC રદ થયા પછી 5 હેક્ટર થી ઓછી ગૌણ ખનિજોના B2 કેટેગરીના EC ના અરજદારો માટે EC મેળવવા 2019-20 માં રાજ્ય સરકારે ટેન્ડર બહાર પાડી 6 એજન્સીઓની વિધિવત નિમણૂંક કરી જેમને જુદા જુદા જિલ્લાઓની કલસ્ટરમાં આવતી લીઝોને EC અપાવવાની જવાબદારી સોપેલ. B2 કેટેગરીના મોટી સંખ્યામાં અરજદારોએ તેમનો સંપર્ક કરી જરૂરી દસ્તાવેજો સોંપેલ પણ આ એજન્સીઓએ એક પણ EC અપાવી શકેલ નહીં. એમાં થયેલ વિલંબ માટે અરજદારો કોઈ પણ રીતે જવાબદાર નથી.

વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ વચ્ચે કોવિડ ની વૈશ્વિક મહામારી ને કારણે EC ની પ્રક્રિયા સંપૂર્ણ સ્થગિત રહેલ જેના લીધે પણ લીઝ ધારકો ને ભોગવવું પડેલ છે.

MoEF&cc એ તા. ૦૭/૦૭/૨૦૨૧ થી વાયોલેશન કેસો માટે SOP દ્વારા શરતો સાથ EC આપવાનું ચાલુ કરેલ .એમાં થોડાક EC આપ્યા પણ ખરા પરંતુ WPC (સી) ૧૩૯૪/૨૦૨૩ વનશક્તિ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયાના કેસમાં આ SOP પર માનનીય સુપ્રીમ કોર્ટએ સ્ટે મૂકી

ESTD. 1962

દીધેલ છે. જેથી વાયોલેશન કેસોમાં માં EC આપવાની પ્રક્રિયા અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દેવામાં આવેલ છે. આવી પરિસ્થિતિમાં મોટાભાગના કિસ્સાઓમાં પબ્લિક હિયરીંગ થઈ ગયેલ છે અને SEAC માં પ્રેઝન્ટેશન પણ થઈ ગયેલ છે. આવી અરજીઓમાં પણ ફરીથી અનિશ્ચિતતાની પરિસ્થિતિ ઉભી થઈ છે.

આમ ઉપરની ઘટનાક્રમ જોતા આપ સાહેબને વિદિત થશે કે એ બાબત સ્પષ્ટ છે કે લીઝધારકો એ EC સર્ટિફિકેટ મેળવવા શરૂઆત થીજ પ્રયત્નો કરેલ છે પણ તે સરકારના અને માનનીય કોર્ટના વખતો વખત બદલાયેલા અને અસ્પષ્ટ નિર્દેશો, નિયમો અને પ્રક્રિયાઓ જટિલ થતી ગઈ અને તેનો ભોગ લીઝ ધારકો બનેલ છે. તે જોતા, કુદરતી નિયમોને ધ્યાને રાખી અરજદાર લીઝ હોલ્ડરો સાથે અન્યાય ના થાય અને તેઓને કોઈ પણ આર્થિક નુકસાન ના થાય અને તેના ધંધા પર નભતા મજૂરો અને અન્યોની રોજગારી જળવાઈ રહે તે માટે ATR તાત્કાલિક અસરથી ખોલી ખનિજ નિકાસ ચાલુ થાય તે જરૂરી છે.

ગુજરાત રાજ્યમાં શરૂઆત થીજ બધી પ્રકારની ઇન્ડસ્ટ્રીઝના EC ના કામ માટે એકજ કમિટી છે જયારે EC ની અરજીઓની સંખ્યા ઘણી વધારે છે , જેનાથી પણ EC આપવાની કાર્યવાહી બહુ ધીમી છે અને બહુ સમય લાગે છે . અત્યારે આ કમિટી પાસે ૨૦૦૦ થી વધુ B2 કેટેગરીના કેસોને રીએપ્રાઈજલ નું કામ પણ પેન્ડિંગ છે એટલે સરકાર ને માઇનિંગના EC ની અરજીઓ માટે વધારા ની ૨ કમિટીઓ બનાવી જોઈએ જેમાં ઓછા માં ઓછો એક સભ્ય ખાણ અને ખનિજ ક્ષેત્રનો હોવો જોઈએ.

EC આપવા ની પ્રોસેસ માં ઘણીવાર લાગુ હોય યા ના હોય તો પણ કમિટી ફોરેસ્ટ, CRZ વગેરે ખાતાઓની NOC માંગતી હોયતો EC મેળવવું બહુજ અઘરુ અને વધુ સમય માંગતુ ખર્ચાળ હોય છે જેનાથી EC આપવાની પ્રક્રિયા બહુ ધીમી થઈ જાય છે.

Cont...

ESTD. 1962

<u>અમારી વિનંતી:</u>

ઉપરોક્ત ખુલાસા પછી અમારી વિનંતી છે કે ગુજરાતમાં ચાઇનાકલે, બ્લેકટ્રેપ, quartzite, સાદી રેતી, ડોલોમાઈટ, બિલ્ડિંગ લાઇમસ્ટોન વિગેરે ખનીજો ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બાંધકામમાટેના અગત્યના ખનિજો છે. તેવી લીઝોમાં તે ખનિજોના ઉત્પાદન બંધ થવાથી તે ખનિજોની બજારમાં અછત ઊભી થશે અને વિકાસના કામો અને અગત્યના પ્રોજેક્ટસ અટકાઈ જવાની પરિસ્થિતિ ઉત્પન્ન થઈ જશે. તે ઉપરાંત આ ખાણોના મજૂરો અને ટ્રાન્સપોર્ટ વગેરે અન્ય રીતે નભતા માણસો બેરોજગાર થઈ જશે. આવી પરિસ્થિતિ ટાળવા માટે અને ન્યાય ની આશા

સાથે, અમે વિનંતી કરીએ છીએ કે જે પરિસ્થિતિઓમાં લીઝધારકો ની EC ની અરજીઓ તેઓના કારણે પડતર ના હોય અને કોઈ DSR , reappraisal, SOP વિગેરે અરજદારના નિયંત્રણ બહારની પરિસ્થિતિને લીધે પડતર હોય, તેવા અરજદારો ને EC મેળવવા વધુ સમય આપી તેઓના લીઝોના ATR લોક ન કરવા સૂચના ~~કમિશનરશ્રી~~ જીલ્લા અધિકારીશ્રી, ખાણ અને ખનિજ ખાતાને આપવામાં આવે તેવી અમારી સાર્વત્રિક હિતમાં અરજ છે.

આભાર સહ,
આપનો વિશ્વાસુ.
ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસિએશન વતી.

સી.એમ.દ્વિવેદી
પ્રમુખ